## શ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં જન્માષ્ટમી ઉત્સવ અને નંદ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૭

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે તા.૧૦મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ જન્માષ્ટમી ઉત્સવ ઉજવાશે. જન્માષ્ટમી ઉત્સવ દરમિયાન દર્શનનો સમય સવારે ૫ થી રાત્રે ૧૨.૩૦ કલાક સુધીનો કરવામાં આવ્યો છે.

જન્માષ્ટમીએ સવારે ૫થી ૫.૩૦ મંગળા આરતી, ૬ થી ૬.૩૦ પંચામૃત, ૧૦.૩૦ થી ૧૧ શૃંગાર તિલક, ૧૨ થી ૧૨.૩૦ રાજભોગ, સાંજે ૬થી ૬.૧૫ ઉત્થાપન અને ૭ થી ૭.૩૦ સંધ્યા આરતી થશે. શયન ૮.૩૦ થી ૯ અને જાગરણ ૧૦ થી ૧૧ તથા જન્મ પંચામૃત ૧૨ થી ૧૨.૩૦ કલાક દરમિયાન કરવામાં આવશે. નંદ મહોત્સવ ૧૧મી ઓગષ્ટ ૨૦૧૨ને શનિવારે સવારે ૮.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન યોજાશે. શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧ ખાતે યોજાનાર જન્માષ્ટમી ઉત્સવ અને નંદ મહોત્સવમાં સર્વે વૈષ્ણવોને દર્શનના સમયની નોંધ લેવા વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ. શાહે ખાસ જણાવ્યું છે.

## સાર્વજનિક કૃષ્ણ સખા મંડળ સે-૧૩માં જન્માષ્ટમી ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૧૩-એ, નાગેશ્વર મહાદેવ મંદિરમાં સાર્વજનિક કૃષ્ણ સખા મંડળ દ્વારા જન્માષ્ટમીનો ઉત્સવ તા. ૧૦મી ઓગષ્ટ ૨૦૧૨ને શુક્રવારે રાત્રે ૮ થી ૧૨ કલાક દરમિયાન ઉજવવામાં આવશે.

સાર્વજનિક કૃષ્ણ સખા મંડળ દ્વારા નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે જન્માષ્ટમી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે રાસ ગરબાનું આયોજન રાત્રે ૮ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. રાત્રે ૧૨ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ૧૨.૧૫ કલાકે ભગવાનની આરતી, ૧૨.૩૦ કલાકે હિંડોળા દર્શન અને ભગવાનને પારણે ઝુલાવાશે. ૧૨.૪૫ કલાકે મટકી ફોડ કાર્યક્રમ યુવાનો દ્વારા અને ૧ કલાકે મહાપ્રસાદ વિતરણ કરવામાં આવશે. જેનો સૌ નગરજનો લાભ લઈ શકશે.

## ગણેશોત્સવ સમિતિ સે-૨૨ના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૭

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સેકટર-૨૨, રંગમંચ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૨ની સાલના વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી તથા ચાલુ વર્ષના ૪૩મા ગણેશોત્સવ નિમિત્તે સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગરની સેકટર-૨૨ની સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની બેઠકમાં સમિતિના પ્રમુખ તરીકે નિશિત વ્યાસ, ઉપપ્રમુખ તરીકે પંઢરીનાથ જગતાપ, અરૂણભાઈ બૂચ, પરેશભાઈ પટેલ, ધૈર્યસિંહ મોહિત, લત્તાબેન ચોકસી, હિરેન શાસ્ત્રી, મહામંત્રી તરીકે વિઠ્ઠલરાવ બાલપાંડે, ખજાનચી તરીકે કલ્પેશ બાલપાંડે અને હિસાબ તપાસનીશ તરીકે હસમુખભાઈ ઠાકરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## સે-૭-ડી શહેરીજન સંસ્થાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સેકટર-૭-ડી, શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળની કાર્યવાહક સમિતિની સંયુકત બેઠક તાજેતરમાં યોજાઈ હતી જેમાં વાર્ષિક કાર્યક્રમનું સુક્ષ્મતમ આયોજન કરવામાં આવ્યું હતું

સેકટર-૭-ડી શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ દ્વારા યોજાયેલી કાર્યવાહક સમિતિની બેઠકમાં સૌ પ્રથમ પ્રાર્થના અને પછી મૃતાત્માને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. સુમંતભાઈ શાહના સદ્વાંચન બાદ તેમને મળેલા સારસ્વત સન્માન એવોર્ડની નોંધ લેવામાં આવી હતી અને સર્વે સભ્યો દ્વારા તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ગત બેઠકની કાર્યવાહી નોંધને વાંચી સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી. તા. ૧૨મી ઓગષ્ટે રાખવામાં આવેલી વાર્ષિક સભાનું સુક્ષ્મતમ આયોજન કરવામાં આવ્યું હતું. બોર્ડના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ '૨૦૧૨-ડીરેકટરી' સંદર્ભે જરૂરી વિગતો મેળવી જવાબદારી સોંપાઈ હતી. આ બેઠકમાં જે.જી. ભટ્ટ, કે.ઓ.વ્યાસ, કે.એસ. પંડયા, એસ.એમ. શાહ, કે.આર. પટેલ, એમ.એસ. પટેલ, બી.એસ. કારીયા, એ.આર. જાની, આર.આર. ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બેઠકને સફળ બનાવી હતી.

# હોટલ સાંજા ચુલામાં ગ્રાહકો અને વેઈટરો વચ્ચે છૂટા હાથની મારામારી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામ નજીક સ્થિત સાંજા ચુલા હોટલમાં જમવા માટે આવેલા કેટલાક ગ્રાહકો અને હોટલ કર્મચારીઓ વચ્ચે જમવાની ડીશમાં મીઠું વધારે હોવાના કારણે બોલાચાલી થતા હોટલ કર્મચારીઓએ ગ્રાહકો પર તૂટી પડી ભારે હાથાપાઈ કરી ઈજાઓ પહોંચાડી હતી. જે મામલે ગ્રાહકોની ફરિયાદના આધારે અડાલજ પોલીસે હોટલ સંચાલક સહિત કુલ ૧૫ વ્યકિતઓ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર નજીક ખોરજ ગામની સીમમાં આવેલા સાંજા ચુલા હોટલમાં આજે બપોરે શાહીબાગના ૧ અક્ષર કોમ્પ્લેક્ષમાં રહેતા અને સ્કુલ સંચાલક એવા પ્રમોદકુમાર સુંદરલાલ છાપરા (ઉ.વ.૫૫) પોતાની પત્ની ભારતીબેન છાપરા, પુત્ર પ્રેરક, પુત્રી નિકીતા તથા કુટુંબીભાઈ હરીશભાઈ તેમનો પુત્ર ધવલ, પત્ની રજતબેન, પુત્રી પલક તથા અન્ય એક પિતરાઈભાઈ સાથે જમવા માટે આવ્યા હતા. જયાં જમવાની એક ડીશમાં મીઠું વધારે હોવાથી હોટલ કર્મચારીને આ અંગે જણાવી ડીશ પરત મોકલી આપી અને બીજી ડીશ મંગાવી પરંતુ તે ડીશમાં પણ મીઠું વધારે હોવાથી હોટલ કર્મચારીઓ અને જમવા આવેલા ગ્રાહકો વચ્ચે ભારે બોલાચાલી થતા મામલો બિચકયો હતો અને હોટલના વેઈટરોએ ભેગા મળી ગ્રાહકો પર ગડદાપાટુનો ભારે માર માર્યો હતો અને ગ્રાહકોને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

જેથી તેઓને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. સાંજા ચુલા હોટલમાં બનેલી ઘટના બાદ ફરિયાદીએ અડાલજ પોલીસ મથકમાં હોટલ સંચાલક ભદ્રેશભાઈ નટુભાઈ પટેલ, દિપકભાઈ વિનુભાઈ પટેલ, કિશનભાઈ હર્ષદભાઈ પટેલ અને ધર્મેશ સુરેશભાઈ પટેલ સહિત ૧૫ વ્યકિતઓ (તમામ રહે. ખોરજ ગામ) વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધી હાલ ૩ વ્યકિતઓની અટકાયત કરી તેમની પુછપરછ હાથ ધરી છે. જયારે આ મામલે અડાલજ પોલીસ મથકના પી.એસ.આઈ. કુહાડીયા તપાસ ચલાવી રહ્યા છે.



નાગપંચમી નિમિત્તે ગાંધીનગરના સેક્ટર-૫ ખાતે સ્થિત ગોગા મહારાજ મંદિર ખાતે પરંપરાગત રીતે નાગના પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અનેક ભક્તોએ ઉપસ્થિત રહી આ પૂજનમાં ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર ઉત્તર વિધાનસભા યુવક કોંગ્રેસ દ્વારા પ્રતિભાવાન યુવાનોનું ૨૦મીએ સન્માન યોજાશે

ગાંધીનગર, તા. ૭

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની ૨૦મી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ જન્મ જયંતિ આવતી હોવાથી ગાંધીનગર ઉત્તર વિધાનસભા યુવક કોંગ્રેસ દ્વારા ગાંધીનગરમાં વસતા અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા યુવાનોને રાજધાની રત્ન એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

ગાંધીનગરમાં વસતા અને જે યુવાન, યુવતીઓએ સામાજિક, શૈક્ષણિક, રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેમજ ધોરણ-૧૦, ધોરણ-૧૨, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ક્રમ ૧ થી ૫ મેળવ્યો હોય તેવા યુવાન, યુવતીઓ માટે યુવક કોંગ્રેસ દ્વારા ૮મી ઓગષ્ટ-૨૦૧૨ થી ૧૩મી ઓગષ્ટ-૨૦૧૨ સુધી રજીસ્ટ્રેશન કરવામાં આવશે. રજીસ્ટ્રેશન થયેલા યુવાન યુવતીઓનું રાજધાની રત્ન એવોર્ડ દ્વારા ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે બપોરે ૨ કલાકે સન્માન કરવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે યુવાન યુવતીઓએ કોંગ્રેસ ઓફીસ, ૩૧૫, એસ.બી.આઈ. બેંકની બાજુમાં, સેકટર-૨૨, ગાંધીનગરના યુવક કોંગ્રેસ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના પ્રમુખ ભાવેશ દેસાઈ મો. નં. ૯૮૯૮૮ ૫૪૫૪૪નો અથવા એન. એસ. યુ.આઈ. ગુજરાત અંકિત બારોટનો મો. નં. ૯૮૨૪૮૫૦૨૦૫ અથવા કે.આર. પટેલનો મો. નં. ૯૬૦૧૭૯૩૪૬૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા ૧૧મીએ રૂદ્રી પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૭

પવિત્ર શ્રાવણ માસમાં ગાંધીનગર આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા રૂદ્રી પૂજાનું આયોજન તા. ૧૧મી ઓગષ્ટને શનિવારે બલરામ ભવન ખાતે રાખવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં પવિત્ર શ્રાવણ માસમાં શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા બેંગ્લોર આશ્રમથી પધારેલા સ્વામીજી તથા વેદકુમારો દ્વારા રૂદ્રીપૂજાનું આયોજન ૧૧ ઓગષ્ટને શનિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે બલરામ ભવન સેક્ટર-૧૨ ખાતે રાખવામાં આવ્યું છે. પૂજામાં યજમાન તરીકે બેસવા માટે તેમજ વધુ માહિતી માટે મો. નં. ૯૪૨૬૩૦૦૩૦૩ સંપર્ક કરવા જણાવાયું છે. નગરજનોને પૂજામાં પધારવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## આજે શિવ મહાપુરાણ કથામાં હનુમંત પ્રાગટય ઉજવાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના વાસણ ગામે આવેલા વૈજનાથ મહાદેવ મંદિર ખાતે શિવ મહાપુરાણ કથાનું વૈજનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ અને શિવ ભકતો દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભકતજનો અને ગુણીજનો કથાશ્રવણનો લાભ લઈ રહ્યા છે.

યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાઈ રહેલા શિવ મહાપુરાણ કથા શ્રવણમાં આજે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન હનુમંત પ્રાગટયનો સુંદર પ્રસંગ ધામધૂમથી ઉજવવામાં આવશે. શિવજીનાં ગુણોથી ભરપુર શિવ પુરાણ કથા શ્રવણનો શિવભકતોને લાભ લેવા આયોજકો દ્વારા ખાસ જણાવાયું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૭.૧૮

### તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૬૩ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જીસ્મ-૨ : ૧૦.૦૦
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧.૦૦, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૩૦, ૫.૪૫, ૧૦.૩૦
બોલ બચ્ચન : ૩.૦૦
ટોટલ રીકલ (હિન્દી) : ૮.૧૫
: સ્ક્રીન-૪ :
ગેંગ ઓફ વાસેપુર- ૨ : ૧૦.૦૦
યે મોહબ્બત હૈ : ૧.૦૦
જીસ્મ -૨ : ૪.૦૦
કૉકટેલ : ૭.૦૦
બોલ બચ્ચન : ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ટોટલ રીકલ(હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૩૦, ૧૦.૪૫
આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી): ૧૧.૩૦, ૮.૪૫,
ક્રિષ્ના ઔર કંસ ૩ડી : ૩.૪૫
: સ્ક્રીન-૨ :
જીસ્મ-૨ : ૧૦.૪૫
કયા સુપર કુલ હૈ હમ : ૧.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
જીસ્મ-૨ : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
કયા સુપર કુલ હૈ હમ : ૧૧.૩૦, ૫.૦૦
: સ્ક્રીન-૪ :
કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦,
જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

**સૂર્યા, વાવોલ**

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા ફાલ્ગુનભાઈ ત્રિવેદી, વિરાટનગર, ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારે સતી- પાર્વતીની કથા.

### આપની આજ

**મેષ** : ધારેલા કાર્યોનું પરિણામ શુભ આવશે. કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે.

**વૃષભ** : આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થઈ શકશે. અનાયાસ જ ધન લાભ થવાની સંભાવનાઓ છે. સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે. બઢતી થવાની સંભાવાઓ છે.

**મિથુન** : આપે ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળી શકશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું.

**કર્ક** : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે. ધન પ્રાપ્તના યોગ બની રહ્યા છે. આપને કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યમાં ભાગદોડ થવાની સંભાવનાઓ છે.

**સિંહ** : મકાન- જમીન સંબંધી કાર્યોમાં બનવા જેવું ન થાય તેની કાળજી રાખવી. નવી યોજનાઓનો પ્રારંભ થઈ શકશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો.

**કન્યા** : પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે.

**તુલા** : વેપાર- વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાય. પરસ્પરના સંબંધોને મહત્વ આપવું ઘણું મહત્વનું છે.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

**ધન** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.જીવનસાથીથી આર્થિક વિષયે વિવાદ થઈ શકે છે.

**કુંભ** : વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

**મીન** : આજે મહત્વના કાર્યો થઈ શકશે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

### ચિરવિદાય

- સ્વ. અરવિંદભાઈ કચરાભાઈ ભાવસાર (ઉ.વ. ૫૭) બ્લોક નં. ૧૬૬/૩, 'ચ'ટાઈપ, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. જમનાબેન મંગળદાસ ત્રિવેદી (ઉ.વ. ૮૩) બ્લોક નં. ૧૨૪, સેકટર-૮/સી, ગાંધીનગર.

# ઘર પરિવારનો અનોખો સભ્ય બનેલા 'જેસ્પર'ને રક્ષાબંધને રાખડી બાંધી અતૂટ નાતો જોડી દીધો !

## સોસાયટીમાં ફરતાં દેશી કૂતરા જશવંતભાઈ આચાર્યનાં ચાહક છે, શ્વાન પ્રેમી નિકી- રાઘવ પોતાના બાળકની જેમ ઉછેરતાં 'જેસ્પર'ની સેવા-સુશ્રૂષા દિલથી કરે છે, એમના જેસ્પરને કોઈ 'કૂતરો' કહે તો દુઃખ થાય છે

સંબંધ સજાવે જિંદગી

**વી આર ફેમિલી**

- સંજય થોરાત

gsrelation@yahoo.com

રવિવારે જ ફ્રેન્ડશીપ ડે સૌએ સેલિબ્રેટ કર્યો, મિત્રતા માત્ર માણસો વચ્ચે જ નથી હોતી. માણસ અને પ્રાણી વચ્ચેય હોય છે. આજે જ્યારે માણસ એકબીજા પ્રત્યે વિશ્વાસ ગુમાવતો જાય છે. ત્યારે પ્રાણીઓની વફાદારી માણસ કરતાં બે વેંત ઉંચેરી મનાય છે... ઘણાં લોકો પોતાની પસંદગીના પેટ્સ રાખે છે. કેટલાંયને પ્રાણીઓ, પક્ષીઓ અને પાલતું પશુ, પાળવાનો શોખ હોય છે. એમાં બિલાડી, પોપટ, કબુતર, કાચબા, માછલી અને સૌથી વધુ કુતરા પાળવાનો શોખ છે કે ધર્મરાજા યુધિષ્ઠીરનાં જમાનાથી ચાલ્યો આવે છે.!!

જો ઘરમાં પાળતું પ્રાણી કુતરો હોય તો એ પરિવાર માટે એ માત્ર એક કુતરો નહીં પણ ઘરનાં એક સભ્ય જેટલો કે તેથી વધુ હક્ક ભોગવે છે. તેના રહેવા, જમવા, ફરવાની ખાસ સગવડ કરાય છે, આવાં જ એક શ્વાનપ્રેમી સેકટર-૮માં રહે છે.. રાઘવ આચાર્ય સ્વભાવે સાહસીક અને બુલેટ ચલાવવાનાં શોખીન નાનપણથી જ સેકટરનાં એકઠામાં ફરતાં કૂતરાને વહાલ કરતાં. બાળપણમાં સેકટર-૧૭નાં 'ઘ' ટાઈપમાં રહેતાં અને લાલ-કાળાં ગલુડિયાને વ્હાલી કરતાં રાઘવભાઈને ડૉબરમેન બનાવવા બાળ સહજ કૃતિથી પૂછડી કાપી નાંખેલ.!!

સોસાયટીમાં ફરતાં કૂતરા અને વિયાયેલી કૂતરી માટે મિત્રો સાથે ભેગાં મળી ખાવાનું ઉઘરાવી લાવતાં, આમ તો એમનાં પિતાજી જશવંતભાઈ આચાર્ય પણ આનોખા શ્વાનપ્રેમી છે. સેકટર-૮નાં એમનાં ઘરમાં આસપાસનાં સૌ રખડતાં કૂતરાં આચાર્યભાઈ આવે એટલે દોડકાં એમની ગાડી પાછળ આવી જાય, કારણ એમને ખબર કે હવે કંઈક ખાવાનું મળશે.!! જશવંતભાઈ આચાર્યએ એમનાં બાજુના ઘરમાં વિયાયેલી કૂતરીનાં ચાર ગુલડીયાને દૂધ પીવડાવી મોટાં કરેલાં એટલે એ માત્ર પોતાના ઘરે પાળેલાં કૂતરા નેજ પ્રેમ કરે છે એવું નથી પણ પ્રાણીઓ પ્રત્યે એરે એમને એમને કાબર, કાગડાં, ચકલી જેવાં પક્ષી જાશે પણ એટલો જ પ્રેમ છે.!!

વિવાન ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સેલ્સ અને માર્કેટીંગના પ્રેસિડેન્ટ રાઘવભાઈ આઠ વર્ષ ઓસ્ટ્રેલીયા જોબ અર્થે રહી આવેલા છૈ. એ જ્યારે ઓસ્ટ્રેલિયા હતાં ત્યારે દિવાળી કરવાં ખાસ ગાંધીનગર આવતાં અને ધુમ-ધડાકા-આતશબાજી સાથે ૨-૩ કલાક સેકટર-૮નું આકાશ રોશનીથી ભરી દેતાં.. આમ તો એમનો પ્રથમ પ્રેમ ડૉબરમેન કૂતરા માટે છે. પણ



એમણે લેબ્રોડોર શ્વાનને પોતાનો પ્રથમ પ્રેમ આવ્યો છે.. મૂળ કેનેડાની બ્રીડ જેવું આ પ્રાણી સ્નિફર ડૉગ તરીકે બોમ્બ સ્કૉડમાં અને હિન્દી ફિલ્મોમાં વધુ દેખાય છે એને તેઓ ૪૦ દિવસનું કુરકુરીયુ હતું ત્યારે લઈ આવેલાં. આજે આ ભાઈ સાહેબ ૫ મહિનાનાં પરિપકવ થઈ ગયાં છે.

રાઘવભાઈ અને એમનાં જીવનસંગીની નીકીએ આનું નામ જેસ્પર રાખ્યું છે. જેસ્પરનું માન-સન્માન આ ઘરમાં પરિવારનાં સભ્યથી પણ થોડુંક વિશેષ છે. 'જેસ્પર' જ્યારે આચાર્ય પરિવારમાં આવ્યો ત્યારે નિકીબેનને એનો ડર લાગતો પણ અત્યારે તો એમનું અત્યંત વહાલું થઈ પડ્યું છે અને દરરોજ સવારે એને મોર્નિંગ વોકમાં લઈને નીકળી પડે છે. જેસ્પરને ઘરની રાંધેલી દરેક વસ્તુ ભાવે છે. ભાત, ખીચડી, પનીર, સફરજન, કાકડી, ટામેટા દરેક વસ્તુ ખુશીથી ખાય છે. એમાંય પનીર એની પસંદિતા ડિશ છે. જેસ્પરને ચોકલેટ અને દ્રાક્ષ નથી ખવડાવતાં કારણ એનાથી એને સ્કિન ડિસીસ થવાનો ભય છે. શાકાહારી લોકોએ પોરસાવી જેની વાત છે કે આચાર્ય પરિવારનો અણમોલ સભ્ય જેસ્પર પણ સંપૂર્ણ શાકાહારી સભ્ય બની રાજ કરે છે.!!

ફ્રેન્ડશીપ ડે એ મિત્રતાની ગાંઠ મજબૂત કરનાર આ પરિવારે રક્ષાબંધને નીકીબેને એને રાખડી બાંધી, કુમકુમ તીલક કરી આરતીનાં ઓવારણાં લઈ ભાઈ બનાવી સાચા અર્થમાં પરિવારનો સભ્ય બનાવી દીધો.. જેસ્પર આખો દિવસ ઘરમાં ક્યાંય ફરતો હોય પણ રાત્રે તો રાઘવભાઈનાં બેડરૂમમાં જ આરામ ફરમાવે છે. જેસ્પરની રોજ સ્પ્રેથી સફાઈ થાય છે. જ્યારે દર રવિવારે એને ખાસ બાથ આપવામાં આવે છે. જશવંતભાઈ જેસ્પર માટે ખાસ ગાલું બનાવી લાવ્યાં છે, એ જયારે ગાડીમાં ફરવા જાય ત્યારે પણ ગાદલું સાથે રાખે છે, રાઘવભાઈએ એનાં માટે નવાં શૂઝનો ઓર્ડર આપેલો છે.!!

સવાર- બપોર- સાંજ પરિવારનાં એક એક સભ્ય એને બહાર ફરવાં લઈ જાય છે. જેસ્પર નાહે આખો ટોપલો ભરીને રમકડાં લાવેલાં છે અને એ આ રમકડાં સાથે ગેલ કરે છે. જેસ્પરને નાંના બાળકની જેમ જ વેકિસનેશન અપાય છે. જેથી એને કોઈ પ્રકારનાં રોગ લાગુ ના પડે.. આમ તો જેસ્પરને એકલો પડવા દેવામાં નથી આવતો પણ કયારેક સહકુટુંબ બહાર જવાનું થાય તો એની દેખરેખની કાળજી લેવા એક વ્યક્તિની વ્યવસ્થા થઈ જાય છે..

બુલેટ પર લેહ-લદાખ જવાની ઈચ્છા રાખતાં રાઘવભાઈને જેસ્પરની જબજસ્ત માયા બંધાઈ છે. રમતીયાળ અને વફાદાર લેબ્રોડોર જેસ્પર નવી વ્યક્તિ દેખાય, ભૂખ લાગે કે કોઈના બોલોને તો જોરથી ભસે છે. રાઘવભાઈને ભવિષ્યમાં સિક્યુરીટી ડૉગ રોટવિલર પાળવાની ઈચ્છા છે.. જે પરિવાર કૂતરા પાળે છે એમને ગુરૂદત્તાત્રેયનાં આર્શિવાદ તો લાભે જ છે પણ એને ફરવાં લઈ જતાં ફરજિયાત વોકિંગ થાય છે અને એટલે કૂતરાં પાળનારાં માલીકો ચુસ્ત અને તંદુરસ્ત દેખાય છે. આચાર્ય પરિવારનો દિવાને ખાસ બનેલો જેસ્પર અને એમનાં સંબંધો લાગણીથી તરબરતર છે.!!